# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૧/૦૩/૨૦૨૩

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# મહિલાઓ ઘર–પરિવાર અને સમાજમાં પોતાની ઓળખ ઉભી કરવા પાંખો ફેલાવશે ત્યારે હકીકતમાં મહિલા દિવસની ઉજવણી સાર્થક ગણાશે : મેયર હેમાલીબેન બોઘાવાલા

## ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને લેડીઝ વીંગના સંયુકત ઉપક્રમે મહિલા સાહસિકોને પ્રોત્સાહિત કરવા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને લેડીઝ વીંગના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૧૦ માર્ચ, ૨૦૨૩ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે સુરત શહેરના મેયર હેમાલીબેન બોઘાવાલા ઉપસ્થિત રહયાં હતાં. મેયરે મહિલા સાહસિકોને સંબોધન કરી તેઓને વિવિધ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં વુમન આંત્રપ્રિન્યોર સેલ કમિટી અને લેડીઝ વીંગ કમિટીની મહિલા સભ્યોનું સન્માન કરાયું હતું. જ્યારે કાર્યક્રમમાં ભાગ લેનારી મહિલાઓને ગુલાબનું ફુલ આપી તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નિષ્ણાત વકતા તરીકે એડવોકેટ એન્ડ સ્ટાઇલિસ્ટ આલીયા પિરઝાદા, રોયલપોસના કો–ફાઉન્ડર તેમજ સીટીઓ મયૂરી રૂપારેલ, હેપ્પી પેટ્સ વેટરીનરી સર્જનના ઓનર ડો. સ્નેહા માલપાની, ઓલ ઇન્ડિયા વાઇન પ્રોડયુસર્સ એસોસીએશનના વાઇસ પ્રેસિડેન્ટ તેમજ હીલ ઝીલ વાઇન્સ પ્રા.લિ.ના ફાઉન્ડર ડાયરેકટર પ્રિયંકા સાવે, પર્પલ સ્પા એન્ડ સ્પૂન ૧૧ રેસ્ટોરન્ટ તેમજ કેપ્ટન એગના ઓનર હેતલ સોની અને સોલ કિચન સ્ટોરીના પ્રોપરાઇટર અને શેફ તૃષ્ણા શાહે મહિલાઓને જીવનમાં તથા બિઝનેસમાં આગળ વધવાની દિશામાં માર્ગદર્શન આપ્યું હતું.

મેયર હેમાલી બોઘાવાલાએ જણાવ્યું હતું કે, સુરત સ્માર્ટ સિટીની સાથે સાથે સશકત મહિલાઓની પણ સિટી છે. ભલે એ સ્ત્રી સુરત શહેરના કોઈપણ ખૂણે રહેતી હોય. આપણે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જુદી–જુદી મહિલાઓની વાતો કરીએ છીએ, પરંતુ આપણા ઘરમાં જે મહિલા રહે છે અને એ જે રીતે આખા ઘરને સંભાળે છે એવી તાકાત અને હિંમત અન્ય કોઇમાં નથી. કોરોનાના સમયમાં આ ગૃહિણીએ કબાટમાં કોઇ ખૂણે મુકી રાખેલા રૂપિયાથી ઘર ચલાવ્યું હતું. સ્ત્રી પોતાની પાંખો ફેલાવીને ઉડી શકે છે અને એને જીવન જીવવા માટેની કોઇ ઉંમર હોતી નથી. સ્ત્રીઓ પોતાની જાતે પોતાના પગ પર જિંદગી જીવવા તૈયાર થશે ત્યારે હું માનીશ કે આ સુરત શહેર સશકત મહિલાઓનું શહેર છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સરકારે પણ સામાન્ય બજેટમાં મહિલાઓને ધ્યાનમાં લઇને ઘણી યોજનાઓ બહાર પાડી છે અને તેમાં ધિરાણ આપવાની જોગવાઇ કરી છે. આ ધિરાણની મદદથી મહિલાઓ પગભર થઇ શકે છે. મહિલાઓ માટે જીવનમાં કયારેય પણ પૈસાનું મહત્વ હોતું નથી. પરંતુ ઘર, પરિવાર અને સમાજમાં પોતાની ઓળખ ઉભી કરવા માટે મહિલાઓ પાંખો ફેલાવશે ત્યારે હકીકતમાં મહિલા દિવસની ઉજવણી સાર્થક ગણાશે.

એડવોકેટ આલીયા પિરઝાદાએ જણાવ્યું હતું કે, તેઓ ૨૦ વર્ષની ઉંમરે આંત્રપ્રિન્યોર બની હતી. કોલેજ બાદ બીબીએ – એલએલબી કરીને કારકિર્દીની શરૂઆત કરી હતી, પરંતુ વકીલ તરીકે પ્રેકટીસ કરવાની સાથે સાથે તેઓ મેકઅપ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવ્યા હતા અને આજે સફળ મહિલા સાહસિક બન્યા છે. તેમણે જણાવ્યું હતું કે, જીવનમાં કોઇપણ આઇડીયાને હલકામાં નહી લેવો જોઇએ. આ એક આઇડીયા તમને સફળતા સુધી દોરી જાય છે. આઇડીયા આવે એટલે એના ઉપર અમલ કરવાનું શરૂ કરી દેવું જોઇએ. જીવનમાં કયારેય ચમત્કાર થતો નથી. સફળતા હંમેશા સખત પરિશ્રમથી જ મળતી હોય છે. જ્યાં સુધી સફળતા નહીં મળે ત્યાં સુધી દિવસ–રાત પરિશ્રમ અને પ્રયાસ કરવો જોઇએ.

મયૂરી રૂપારેલે જણાવ્યું હતું કે, તેમણે એપ ડેવલપ કરી છે અને ૫૦ થી વધુ દેશોમાં પોતાની સેવા આપી રહયાં છે. ખાસ કરીને ફૂડ બિઝનેસને તેઓ એમ્પાવર કરે છે અને ઘણા સારા ગ્રાહકો તેમની પાસે છે. તેઓ પ્રોગ્રામિંગ, કોડીગ અને ડેવલપીગનું કામ કરે છે. તેમણે સ્ટાર્ટ–અપ કર્યું છે અને તેમને વન રાઉન્ડ ફન્ડીગ પણ થયું છે. આઇઆઇએમ જયપુર ખાતે ટેકનોલોજી સંબંધિત કાર્યક્રમ માટે આખા ભારતમાંથી ૧૫ મહિલાઓ સિલેકટ થઇ હતી અને ગુજરાતમાંથી મહિલા સાહસિક તરીકે તેઓ પણ હતા. તેમણે કહયું હતું કે, સિનિયર તરફથી તેઓને કોઇપણ ટાસ્ક આપવામાં આવતો હતો ત્યારે તેઓ ના પાડતા ન હતા. જે બાબત તેઓને મહિલા સાહસિક બનવા માટે ઘણી કામ લાગી છે.

ડો. સ્નેહા માલપાનીએ જણાવ્યું હતું કે, પશુઓના ડોકટર તરીકે તેઓ સુરતમાં કાર્યરત છે. શરૂઆતમાં પ્રયાસ સંસ્થા સાથે કાર્ય કર્યા બાદ તેમણે પોતાની હેપ્પી પેટ્સ વેટરીનરી સર્જન તરીકે પશુઓ માટેની હોસ્પિટલ શરૂ

કરી હતી. તેમણે કહયું હતું કે, મહિલાઓને જીવનમાં આગળ વધવા માટે કયારેય લગ્ન, પતિ કે પછી બાળકો આડે આવતા નથી. આ બધી પારિવારિક જવાબદારીને પૂર્ણ કરવાની સાથે સાથે તેઓ પોતાની કારકિર્દીનું ઘડતર કરી શકે છે. બસ એના માટે સખત મહેનત કરવાની હિંમત તેમનામાં હોવી જોઇએ, જે મહિલાઓમાં કુદરતે પહેલાંથી આપેલી છે.

પ્રિયંકા સાવેએ જણાવ્યું હતું કે, સહકારથી જ મહિલાઓમાં સાહસ આવે છે. કદાચ બધી જ મહિલાઓને શરૂઆતમાં પરિવાર તરફથી સહકાર મળતો પણ ન હોય. યુએસમાં મિકેનિકલ એન્જીનિયરીંગ કરીને બોરડી ખાતે ઘરે પરત ફર્યા બાદ વિચાર આવ્યો હતો કે વાઇન બનાવવી જોઇએ અને પાંચ વર્ષ પહેલાં એ વિચારને અમલમાં મુકયો હતો. વિચારને અમલમાં મુકયા બાદ તેઓ આજે સફળ મહિલા સાહસિક બન્યા છે.

હેતલ સોનીએ જણાવ્યું હતું કે, એન્જીનિયરીંગના અભ્યાસની સાથે સાથે પાર્ટ ટાઇમ જોબ કરીને પરિવારની જવાબદારી સંભાળી હતી. ત્યારબાદ એર હોસ્ટેસ તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. એર હોસ્ટેસની બે મહિનાની નોકરી કર્યા બાદ હોટેલ મેનેજમેન્ટ તથા રિલેશનશિપ મેનેજર તરીકેની મુંબઇમાં નોકરી કરી હતી. સુરતમાં લગ્ન કર્યા બાદ વિવિધ બેંકોમાં નોકરી કરી હતી અને ત્યારબાદ પોતાનો બિઝનેસ શરૂ કર્યો હતો.

તૃષ્ણા શાહે જણાવ્યું હતું કે, એચઆરમાં એમબીએ કર્યા બાદ કોર્પોરેટ ક્ષેત્રે નોકરી કરી હતી. પરંતુ ગુજરાતી તરીકે મને પોતાનો બિઝનેસ શરૂ કરવાની મહેચ્છા જાગી હતી. જેના ભાગ રૂપે બિઝનેસની શરૂઆત કરી હતી. જે સમયે બિઝનેસ શરૂ કર્યો તે સમયે હોમ કિચનનો કોઇ કોન્સેપ્ટ ન હતો. એટલા માટે ઘણી મુશ્કેલીઓ ઉભી થઇ હતી, પરંતુ દરેક મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢીને સફળતાની દિશામાં આગળ વધી હતી. કોરોનાના સમયમાં જ્યારે દિકરી છ મહિનાની હતી તે સમયે થોડું અઘરું થયું હતું પણ માતા, પરિવારજનો અને મિત્રોના સહયોગથી તે સમયે પણ બિઝનેસને આગળ વધાર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ઉપ પ્રમુખ રમેશ વઘાસિયા, તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી અને માનદ્ મંત્રી ભાવેશ ટેલર કાર્યક્રમમાં ઉપસ્થિત રહયાં હતાં. ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સ્વાતિ શેઠવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે વુમન આંત્રપ્રિન્યોર સેલની પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી કાર્યક્રમની રૂપરેખા પણ આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

લેડીઝ વીંગના ચેરપર્સન જ્યોત્સના ગુજરાતીએ લેડીઝ વીંગની પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી હતી. જ્યારે લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન મનિષા બોડાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. વુમન આંત્રપ્રિન્યોર સેલના કો–ચેરપર્સન કૃતિકા શાહ તથા સભ્યો પ્લવનમી દવે અને ધારા શાહ તેમજ લેડીઝ વીંગના સેક્રેટરી શીખા મહેરા તથા સભ્યો માનસી વિરાણી અને ઉર્વી લાપસીવાલાએ વકતાઓનો પરિચય આપ્યો હતો.